# સર્વોત્કર્ષ સેવા સંસ્થાન સંચાલિત

# વૈદિક પરિવાર, ગાંધીનગર દ્વારા મનોનિયંત્રણના વૈદિક ઉપાયો સંબંધિત વ્યાખ્યાન યોજાયું

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા સંચાલિત વૈદિક પરિવાર, ગાંધીનગર દ્વારા આઈએનઓ અને નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ, ગાંધીનગરનાં સહયોગથી તા ૧-૬-૨૦૧૪નાં રોજ રવિવારે સવારે ૭-૦૦ થી બપોરે ૧-૦૦ વાગ્યા સુધી મનોનિયંત્રણનાં વૈદિક ઉપાયો સંબંધિત વ્યાખ્યાન ગાંધીનગર સ્થિત બલરામ મંદિર પરિસરમાં આવેલા વિશાળ હોલમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો પ્રારંભ સવારે ૭-૦૦ થી ૯-૦૦ દરમ્યાન યોગાચાર્ય શ્રી દુષ્યંત મોદીએ સંગીત




સાથે હળવો વ્યાયામથી કર્યો હતો. પગ હલાવો, દુઃખ ભગાડોના સૂત્ર સાથે અપાનપ્રાણની કેટલીક ક્રિયાઓ કરાવી હતી. મધ્ય સત્રમાં વૈદિક પ્રવકતા શ્રી અવધેશપ્રસાદ પાંડેયએ ધ્યાનની આવશ્યકતા પર ભાર મૂકયો હતો. તેમણે ત્રેતવાદ વિષય પર પણ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા. આર્યજગતના પ્રખ્યાત દર્શનાચાર્ય સંન્યાસી સ્વામી શ્રી વિવેકાનંદ પરિવ્રાજકજીએ મન શું છે, તેને કયા પ્રકારે અધિકારમાં લેવું, જડ-ચેતનનો ભેદ કયા લક્ષણથી જાણવો વગેરે જાણકારી પોતાના વકતવ્યમાં જણાવી હતી. મનને વશમાં લેવા અનાવશ્યક ઈચ્છાઓને ઘટાડવી, જીવનમાં હકારાત્મક દ્રષ્ટિકોણ




અપનાવવો, પોતાનું સામર્થ્ય જાણી તદ્નુસાર લક્ષ્ય નકકી કરવું, પૂર્ણ પુરુષાર્થ બાદ પ્રાપ્ત થયેલ ફળમાં સંતોષ માનવો વગેરે વિષયો ઉપર વિગતવાર ઉદાહરણ સહિત માર્ગદર્શન આપ્યું હતું. અંતિમ ૨૦ મિનિટમાં શ્રોતાઓ તરફથી આવેલ અનેક શંકાઓનું સમાધાન તેમણે અત્યન્ત કુશળતાથી કર્યું હતું.

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ આગામી સમયમાં વૈદિક પરિવાર દ્વારા યોજવામાં આવનાર કાર્યક્રમો વિશે માહિતી આપી હતી. તેમણે બાળકોનાં નિર્માણ માટે નિરંતર કાર્યક્રમોનું આયોજન



**મુખ્ય દાતા શ્રી અજમલભાઈ આર્યનું સન્માન કરતા સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક**

થતું રહે તે માટે યોજનાબદ્ધરીતે કાર્ય કરવામાં આવશે તેવી ઘોષણા કરી હતી.

ગાંધીનગરના શ્રી અજમલભાઈ આર્યએ આ કાર્યક્રમનાં ભોજનના દાતા બની એક પ્રસંશનીય ઉદાહરણ પુરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી વિશાલ મિસ્ત્રી દ્વારા કરવામાં આવેલ. જ્યારે આભારવિધિ શ્રી બળદેવભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ




બનાવવામાં શ્રી લક્ષ્મણભાઈ પટણી, શ્રી નરશીભાઈ પટેલ, શ્રી લક્ષ્મણભાઈ પારસીયા તથા શ્રી કાંતિભાઈ પટેલ, શ્રી કાંતિભાઈ સુથાર, શ્રી મનોજભાઈ પુરાણી, શ્રી જશવંતભાઈ સોલંકી સહિત અનેક




કાર્યકર્તાઓનું પ્રસંશનીય યોગદાન રહ્યું હતું.

સર્વોત્કર્ષ સેવા સંસ્થાનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ જણાવ્યું હતું કે મનોનિયંત્રણ માટે અત્યન્ત આવશ્યક એવા ધ્યાનનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવા માટે તા.૭ અને ૮ જુન શનિવાર તથા રવિવારના રોજ સાંજે ૬-૦૦ થી૭-૦૦ દરમ્યાન કક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ધ્યાન વિષય નિષ્ણાત શ્રી મહેન્દ્ર ગાંધી દ્વારા નિઃશુલ્ક પ્રશિક્ષણ આપવામાં આવનાર છે. પ્લોટ નં.૩૪૨/૨, સેકટર-૪/બી ખાતે આવેલા વૈદિક પરિવારના સ્થાનિક કાર્યાલય સ્થિત હોલમાં આ વર્ગ યોજાશે.



